# Gujarat Niti

## Daiwik Hotels to open its 3rd specialty pilgrimage property in Dwarka, G

**Date: 25/01/2013 | Edition: Ahmedabad | Page: 3 | Source: Bureau | Clip size (cm): W: 10 H: 14**


India Media Monitor



# દૈવિક હોટેલ્સે શ્રી પબુભા માણેક પરિવાર સાથે હાથ મિલાવ્યા

ભારતની સૌપ્રથમ ફોર-સ્ટાર પીલગ્રીમ હોટેલ્સ ચેઈન દૈવિક હોટેલ્સે દ્વારકાના અગ્રણી ઉદ્યોગ જૂથ શ્રી પબુભા માણેક પરિવાર સાથે સંયુક્ત સાહસ શરૂ કર્યું છે. ગ્રેસિયસ હોસ્પિટાલિટી પ્રા. લિ.ના નામ હેઠળ સંચાલિત આ સંયુક્ત સાહસ દ્વારકામાં સૌપ્રથમ મિલકતની સ્થાપના સાથે ગુજરાતમાં પીલગ્રીમેજ હોસ્પિટાલિટીનો અજોડ કન્સેપ્ટ રજૂ કરશે. સૂચિત દૈવિક હોટેલ્સ દ્વારકા હોટેલ અંદાજિત રૂ. ૪૫ કરોડના પ્રારંભિક રોકાણ સાથે એક ગ્રીન ફિલ્ડ પ્રોજેક્ટ હશે અને તે વર્ષ ૨૦૧૫ સુધીમાં કાર્યાન્વિત થશે. ગુજરાતમાં હોસ્પિટાલિટી ક્ષેત્રે આ પ્રકારનું સૌપ્રથમ સાહસ શરૂ થયું છે, જે માત્ર રાજ્યમાં યાત્રાધામોના પ્રવાસીઓને સુવિધા અને સાનુકૂળતા પૂરી પાડવા કટીબદ્ધ છે. દ્વારકામાં વાર્ષિક સરેરાશ ૫૦ લાખ લોકો ભગવાન કૃષ્ણના દર્શન કરે છે. રાજ્યમાં લોકપ્રિય યાત્રાધામોમાં પ્રવાસીઓ પર ધ્યાન કેન્દ્રીત કરતાં હોસ્પિટાલિટી બ્રાન્ડ સોમનાથ અને અંબાજી જેવા અન્ય સ્થળોમાં પણ વિસ્તરણની યોજના ધરાવે છે. હોસ્પિટાલિટી બ્રાન્ડનો સૌપ્રથમ પ્રોજેક્ટ દૈવિક હોટેલ્સ તામિલનાડુમાં રામેશ્વરમ ખાતે કાર્યાન્વિત થઈ ગયો છે અને આંધ્ર પ્રદેશના તિરુપતિ ખાતે તેમનો ફ્લેગશિપ પ્રોજેક્ટ શરૂ થશે.

આ હોટેલ્સ દૈવિક હોટેલ્સ બ્રાન્ડ હેઠળ હશે અને દૈવિક હોટેલ્સ પ્રા. લિ. હોટેલનું સંચાલન કરશે. સૌપ્રથમ સાહસ દૈવિક હોટેલ્સ દ્વારકા સુપિરિયર, ડિલક્સ અને સ્યુટના સંયોજન સાથે ૧૨૦થી ૧૪૦ રૂમ્સની ક્ષમતા ધરાવશે. ફુલ સર્વિસ ૪-સ્ટાર ફેસિલિટી હેઠળ મલ્ટી-કુશન રેસ્ટોરાં, ફુલ્લી ફર્નિશ્ડ બેન્ક્વેટ્સ અને કિર્તન, ભજન્સ અને સમારંભો માટે એક એક્ટિવિટી રૂમ હશે. ઉપરાંત સ્પેશિયલ સ્પા અને તેના સંબંધિત અન્ય સુવિધાઓ તથા પુસ્તકો, સંગીત, આર્ટિફેક્ટ્સ, પરંપરાગત ઝવેરાત અને મેમેન્ટોસ પણ અહીં ઉપલબ્ધ હશે.